### ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન 2023-24 માં પ્રથમ સ્થાન મેળવનાર

# કિસાન માધ્યમિક વિદ્યાલયના પ્રોજેક્ટની રાજ્ય કક્ષાએ પસંદગી

**જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ આયોજિત ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન 2023-24 ( આણંદ ,પંચમહાલ ,ખેડા ,મહીસાગર ,વડોદરા ,છોટાઉદેપુર , દાહોદ) ગ્લોબલ ડિસ્કવરી સ્કૂલ, દાવડા તાલુકો હાલોલ જીલ્લો પંચમહાલ મુકામે તારીખ 22/12/2023 થી તારીખ 23/12/2023 સુધી યોજાઈ ગયું . આ ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં આશરે 70 જેટલા પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યા હતા .**

**કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડાના વિજ્ઞાન પ્રવાહના બાળકો દ્વારા બનાવેલ પ્રોજેક્ટ " આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ " તાલુકા અને જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન માં રજૂ કરવામાં આવેલ હતો જ્યાં ઝોન કક્ષાએ પણ આ પ્રોજેક્ટ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે . આ પ્રોજેક્ટ શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના ભૌતિકવિજ્ઞાન શિક્ષક શ્રી નિરવકુમાર ત્રિવેદી ના માર્ગદર્શન હેઠળ બાળ વૈજ્ઞાનિકો ચૌહાણ સુરભી રાજપાલસિંહ તેમજ ભોઈ મયુરી કિરીટભાઈ દ્વારા તૈયાર કરવામાં આવેલ હતો. આ પ્રોજેક્ટ જુદા જુદા કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને જીવનને વધુ શ્રેષ્ઠ અને સરળ બનાવી શકે છે.**













**ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં પ્રથમ સ્થાન મેળવનાર આ પ્રોજેક્ટ હવે રાજ્ય કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન માં લુણાવાડાની કિસાન માધ્યમિક વિદ્યાલયનું પ્રતિનિધિત્વ કરશે.**

**ઓ.કે.સી. સંકુલના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવા શાળા સંચાલક મંડળના પ્રમુખ શ્રી મૌલિક પટેલ ,કિસાન માધ્યમિક વિદ્યાલયના આચાર્ય શ્રી હિતેશકુમાર પટેલ તેમજ સમગ્ર ઓ.કે.સી.સંકુલ પરિવાર દ્વારા બાળ વૈજ્ઞાનિકો તેમજ માર્ગદર્શક શિક્ષકશ્રીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.**